# બીજા દિવસે પણ ઉત્તર ભારત ઠંડીના સકંજામાં

## ધુમ્મસના કારણે ૧૦૦થી વધુ ટ્રેનો મોડી પડી : વિમાની સેવા ખોરવાઈ : હિમાચલ, જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને હરિયાણામાં તીવ્ર ઠંડીનું મોજું

નવી દિલ્હી,તા. ૨૪

ઉત્તર ભારત સતત બીજા દિવસે પણ ઠંડીના સકંજામાં રહ્યું હતું જેના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત રહ્યું છે. ધુમ્મસના કારણે વિમાની અને રેલવે સેવા ખોરવાઈ ગઈ છે. ઉત્તરપ્રદેશમાં તીવ્ર ઠંડીના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ઠંડીના કારણે ૨૬ લોકોના મોત થયા છે. ઉત્તરપ્રદેશના જે વિસ્તારોમાં લોકોના મોત થયા છે તેમાં બસ્તીમાં છ, જોનપુરમાં ચાર, બલિયામાં ચાર, મિરઝાપુરમાં બે, વારાણસી, ભદોઈ અને ચંડોલીમાં એક-એકનું મોત થયુ છે. ધુમ્મસના કારણે માર્ગ અકસ્માતોનો સિલસિલો વધી ગયો છે. માર્ગ અકસ્માતોમાં છ લોકોના મોત થયા છે.

વિમાની અને રેલવે યાત્રીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આશરે ૧૦ ફ્લાઈટો મોડી પડી ગઈ છે. બીજી બાજુ ૧૦૦થી વધુ ટ્રેનો લેટ ચાલી રહી છે જેના કારણે યાત્રીઓના ટાઈમ ટેબલ ખોરવાઈ ગયા છે. આજે વહેલી સવારે દિલ્હીમાં વિમાની મથક ખાતે ધુમ્મસની સ્થિતિના કારણે વિઝિબિલીટી રનવે ઉપર ઘટીને શૂન્ય થઈ ગઈ હતી. અહેવાલમાં સૂચન કરવામાં આવ્યું છે કે એરપોર્ટ સત્તાવાળાઓએ એક આંતરરાષ્ટ્રીય અને બે સ્થાનિક સહિત ત્રણ ફ્લાઈટો રદ કરી છે. અન્ય ૧૦ ફ્લાઈટો મોડેથી દોડી રહી છે. ઉત્તર ભારતમાં ૧૦૦થી વધુ ટ્રેનો ધુમ્મસના કારણે મોડેથી દોડી રહી છે. ઘણી ટ્રેનો ૧ ૨થી ૨૨ કલાક મોડેથી દિલ્હી પહોંચી છે. ફ્લાઈટોને ગઈકાલે ધુમ્મસના કારણે અસર થઈ હતી. ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટે ઓપરેશન ખોરવાઈ ગયું હતું. નોંધાયું હતું જ્યારે દક્ષિણ કાશ્મીરમાં પહેલગામ ખાતે માઈનસ ૭.૪ ડિગ્રી નોંધાયું હતું. હિમાચલપ્રદેશ, રાજસ્થાન, પંજાબ



સૌથી માઠી અસર દિલ્હી-હાવડા રૂટ ઉપર થઈ છે.૧૦૦થી વધુ ગુલમર્ગમાં સતત બીજા દિવસે માઈનસ ૭.૬ ડિગ્રી તાપમાન અને હરિયાણામાં પણ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ગઈકાલે જમ્મુ કાશ્મીરમાં સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. આજે સવારે સમગ્ર ઉત્તરભારતમાં ધુમ્મસના ચાદર છવાઈ ગઈ હતી જેથી જનજીવનને માઠી અસર થઈ હતી. માર્ગો, રેલવે અને વિમાની સેવાને અસર થઈ હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ સવારે લોકો ઉઠ્યા ત્યારે પણ ધુમ્મસની સ્થિતિ હતી. લઘુતમ તાપમાન બે ડિગ્રી ઘટીને ૫.૯ ડિગ્રી થઈ ગઈ હતી. હવામાન વિભાગે કહ્યુ છે કે આવતીકાલે સવારે પણ ધુમ્મસની સ્થિતિ રહેશે. ધુમ્મસના કારણે માર્ગો અને વિમાની સેવાને અસર થઈ હતી. દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય વિમાનીમથકે ફ્લાઈટ ઓપરેશનને એક કલાક સુધી સાવચેતીના પગલારૂપે મોકુફ રાખવાની ફરજ પડી હતી જેથી વિમાનીયાત્રીઓને કાતિલ ઠંડી વચ્ચે વિમાની મથકે રોકાવાની ફરજ પડી હતી.

પડોશી હિમાચલ પ્રદેશમાં પણ ઠંડીની સ્થિતિમાં કોઈ રાહત મળી નથી. ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થતા તાપમાનમાં ઘટાડો થયો છે. લાહોલ, સ્પિતી જિલ્લામાં માઈનસ ૧૦ ડિગ્રી તાપમાન થયુ હતુ. પંજાબ અને હરિયાણાના મેદાની ભાગોમાં પણ લઘુતમ તાપમાનમાં બેથી સાત ડિગ્રીનો ઘટાડો નોધાયો હતો. ધુમ્મસના કારણે રેલવે અને વાહનવ્યવહારને અસર થઈ હતી. હરિયાણાના હિસારમાં સૌથી વધુ ઠંડી જોવા મળી હતી. અહીં તાપમાનમાં પાંચ ડિગ્રી સુધીનો ઘટાડો થયો હતો જેથી તાપમાન ઘટીને ૧.૮ ડિગ્રી નોંધાયુ હતુ. અમૃતસરમાં તાપમાન ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછુ છે.રાજસ્થાનના માઉન્ટ આબુમાં પણ બે ડિગ્રી તાપમાન નોંધાયું છે જેથી અહીં આવેલા પ્રવાસીઓને કાતિલ ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન હવામાન ખાતાએ આગાહી કરતા જણાવ્યું છે કે આગામી દિવસોમાં પણ ઠંડી યથાવત રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. માઉન્ટ આબુમાં તાપમાન હજુ પણ ઘટે તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે.

# દિલ્હી મેટ્રો બંધ રહેતાં ભારે અંધાધૂંધી ફેલાઈ

નવી દિલ્હી,તા. ૨૪

દિલ્હી મેટ્રો સ્ટેશનને બંધ કરી દેવામાં આવતા આજે સવારે ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. યાત્રીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મધ્ય દિલ્હીમાં મેટ્રો સ્ટેશન ખાતે ભારે અફડા તફડી સર્જાઈ હતી. સૈંકડો લોકોને મેટ્રો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તે અંગે માહિતી ન હતી જેથી તેઓ સ્ટેશન ઉપર પહોંચ્યા હતા. ગેંગ રેપના બનાવ સામેના વિરોધમાં ઈન્ડિયા ગેટ ખાતે થઈ રહેલા હિંસક પ્રદર્શનના કારણે મેટ્રો સ્ટેશનને બંધ કરવાનો નિર્ણય હાલમાં લેવામાં આવ્યો છે. અતિ વ્યસ્ત રહેતા રાજીવ ચોક સહિત નવ સ્ટેશનને આજે વહેલી સવારથી બંધ રાખવામાં આવતા લોકો અટવાઈ પડ્યા હતા. લોકોને તેમની ગાડી પકડવા માટે અહીં આવ્યા ત્યારે જ આ અંગેની જાણ થઈ હતી. આજે સવારે સ્ટેશનની અંદર પ્રવેશવા અને બહાર જવાની મંજૂરી આપવામાં આવી ન હતી. દિલ્હી પોલીસ તરફથી આદેશ મળ્યા બાદ મેટ્રોને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

રાજીવ ચોકમાં દરરોજ પાંચ લાખથી વધુ લોકો પહોંચે છે જેથી આજે સવારે લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા અને નિસહાય સ્થિતિમાં દેખાયા હતા. પ્રગતિ મેદાન, મંડી હાઉસ, બારા ખંભા રોડ, રાજીવ ચોક, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય, ઉદ્યોગ ભવન, રેસકોસ, ખાન માર્કેટ વધુ આદેશ કરવામાં ન આવે ત્યાં સુધી બંધ રાખવામાં આવશે. રાજીવ ચોક સિવાય આઠ સ્ટેશનો ગઈકાલે પણ બંધ રહ્યા હતા.

# દિલ્હી ગેંગરેપ કેસમાં વડાપ્રધાનનું નિવેદન

નવી દિલ્હી,તા. ૨૪

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એક સપ્તાહ પહેલા થયેલી ઘૃણાસ્પદ સામૂહિક બળાત્કારની ઘટના અંગે દેશભરમાં હિંસક વિરોધ પ્રદર્શન અને નારાજગીના તીવ્ર મોજા વચ્ચે વડાપ્રધાન મનમોહનસિંહે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આ જઘન્ય ઘટનાથી તેમને ખૂબ દુઃખ થયું છે. લોકોની નારાજગી બિલકુલ વ્યાજબી છે. સિંહે ખાતરી આપી હતી કે દોષિતોને કઠોર સજા કરવામાં આવશે. ગેંગરેપની ભોગ બનેલી યુવતીને ન્યાય અપાવવા માટે દિલ્હીમાં છેલ્લા ત્રણ દિવસથી જોરદાર હિંસક પ્રદર્શનનો દોર ચાલી રહ્યો છે. વિરોધ પ્રદર્શન હિંસક બન્યા બાદ વડાપ્રધાને કહ્યું હતું કે લોકો શાંતિ જાળવી રાખે અને દેખાવકારો હિંસા ઉપર ન ઉતરે તે જરૂરી છે. સિંહે એમ પણ કહ્યું હતું કે સમાજના તમામ વર્ગના લોકોને તેઓ શાંતિ જાળવી રાખવાની અપીલ કરે છે. સાથે સાથે અમારા પ્રયાસોમાં મદદ કરવા પણ સિંહે અપીલ કરી હતી. સિંહે વિશ્વાસ અપાવતા કહ્યું હતું કે ભારત દેશની તમામ મહિલાઓની સુરક્ષાની ખાતરી કરવા માટે બનતા તમામ પગલા લેવામાં આવશે. મહિલાઓની સુરક્ષાને લઈને પહેલાંથી જ કઠોર પગલાં લેવામાં આવી ચૂક્યા છે. આ દિશામાં સરકાર તમામ જરૂરી પગલાં લઈ ચૂકી છે. સિંહે શાંતિ જાળવી રાખવાની અપીલ કરતા કહ્યું હતું કે તેઓ પોતે પણ ત્રણ પુત્રીના પિતા છે અને આ મામલામાં લોકોની નારજગીને




ખૂબ સારી રીતે સમજે છે. સિંહે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સામૂહિક બળાત્કારની ઘટનાને લઈને જારી વિરોધ પ્રદર્શન વચ્ચે આ મુદ્દે પોતાનું મોન તોડીને લોકોની નારાજગીને યોગ્ય ઠેરવ્યું હતું. દેશને ટેલિવિઝન સંબોધનમાં વડાપ્રધાને કહ્યું હતું કે સરકારી વ્યવસ્થા અને દેખાવકારો વચ્ચે હિંસક અથડામણ યોગ્ય નથી. આનાથી પરિસ્થિતિ વધુ વણસી જશે. પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ભોગ બનેલી યુવતીની લાઈફને બચાવવા માટે તમામ સંભવિત પગલાં લેવામાં આવી રહ્યા છે. બનાવ અંગે પ્રતિક્રિયા આપવામાં થઈ રહેલા વિલંબ અંગે પણ સિંહે વાત કરી હતી પરંતુ કહ્યું હતું કે હિંસક દેખાવો યોગ્ય બાબત નથી. અહેવાલ મુજબ વડાપ્રધાન હવે સાત રેસકોસ રોડ નિવાસ સ્થાને રશિયન પ્રમુખ સાથે વાતચીત કરી રહ્યા છે. આ સમગ્ર મામલે ગઈકાલે પણ સિંહે વાત કરી હતી. ભાજપ અને અન્ય રાજકીય પક્ષો સમગ્ર મામલે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ ઉપર મક્કમ બનેલા છે. બળાત્કારીઓને કઠોર સજા કરવાની માંગ વધુ તીવ્ર બની રહી છે. સજાને વધુ કઠોર કરવા કાયદામાં સુધારા કરવાની માંગ પણ થઈ રહી છે. દેશભરમાં હિંસક પ્રદર્શન ઉપર ઉતરેલા લોકો બળાત્કારીઓને ફાંસીની સાજની માંગ કરી રહ્યા છે તેવા સમયમાં સરકાર ઉપર તીવ્ર દબાણ આવી ગયું છે.

# દિલ્હીને વધારે સુરક્ષિત બનાવવા શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે ૨૩ વર્ષિય પેરા મેડિકલની વિદ્યાર્થિની પર બળાત્કારના મામલે દેશભરમાં વિરોધને જોતા હવે ઝડપથી પગલા લેવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર ઉપર પણ દબાણ વધી ગયા બાદ ઝડપથી કાર્યવાહીની દિશામાં સરકાર આગળ વધી રહી છે. શિંદેએ આજે આવા બનાવોને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરી હતી. રાજ્યના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ અને રાજ્યના સચિવો સાથે વિસ્તારપૂર્વક બેઠક યોજ્યા બાદ વધુ વિગતો જારી કરવામાં આવશે. ચોથી જાન્યુઆરીના દિવસે આ બેઠક યોજવામાં આવનાર છે. અટકાયતી પગલાના ભાગરૂપે શ્રેણીબદ્ધ પગલાની જાહેરાત કરાઈ છે જેના ભાગરૂપે તમામ બસ અને વાણિજ્ય વાહનોને રાત્રી દરમિયાન ડ્રાઈવિંગ વેળા લાઈટોને ચાલુ રાખવાની ફરજ પડશે. બસ અને ઓટો રિક્ષા ડ્રાઈવરોને પણ કેટલીક શરતોમાંથી પસાર થવું પડશે. ચકાસણી નહીં કરાયેલા ડ્રાઈવરો દ્વારા બસ અને ઓટો રિક્ષા ચલાવવાની સ્થિતિમાં આ વાહનો જપ્ત કરી લેવામાં આવશે. વાહન ચાલકને તેના ફોટા સાથેની ઓળખપત્ર રાખવું પડશે આ ઉપરાંત હેલ્પલાઈન નંબરની વિગતો પણ રાખવી પડશે. ઈન્ડિયાગેટ ખાતે દેખાવકારો અને પોલીસ વચ્ચે થયેલી અથડામણ અંગે પ્રતિક્રિયા કરતા શિંદેએ કહ્યુ હતુ કે લોકો શાંતિપૂર્ણ દેખાવનું સ્વાગત કરે છે. જો કે લોકો કાયદો અને



વ્યવસ્થાની પરિસ્થિતિ હાથમાં લેશે તો કઠોર પગલા લેવામાં આવશે. શિંદેએ સરકારમાં વિશ્વાસ રાખવા લોકોને અપીલ કરી હતી અને કહ્યુ હતુ કે દોષિતોને સજા કરવામાં આવશે. હાલમાં આના માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. સોનિયા ગાંધી, વડાપ્રધાન મનમોહનસિંહ અને સરકાર સમગ્ર ઘટનાક્રમને લઈને ચિંતિત છે. શિંદેએ એમ પણ કહ્યુ હતુ કે બનાવમાં તપાસ માટે એક ન્યાયીક પંચની રચના કરવામાં આવી છે જે એક મહિનામાં અહેવાલ સોંપશે. આના આધાર પર વહેલી તકે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે મુખ્યમંત્રી શિલા દિક્ષીત સાથે વાતચીત કરવામાં આવી ચુકી છે. મુખ્યમંત્રીએ મહિલાઓની સુરક્ષા અને આ પ્રકારના બનાવોને લઈને તેમની વાત ધ્યાનથી સાંભળી છે. પોલીસ વડાને દૂર કરવાની વાત અંગે પુછવામાં આવતા શિંદેએ કહ્યુ હતુ કે આ અંગે હજુ કોઈ વિચારણા ચાલી રહી નથી. હિંસક આંદોલન ટાળવાની શિંદેએ લોકોને સલાહ આપી હતી.

# ગેંગ રેપ પ્રકરણમાં ત્રીજી જાન્યુઆરીથી ટ્રાયલ શરૂ


નવી દિલ્હી,તા. ૨૪

દિલ્હીમાં ગેંગરેપની ઘટનાને લઈને વ્યાપક વિરોધપ્રદર્શન જારી છે ત્યારે સરકાર હચમચી ઉઠી છે. હવે દિલ્હી ગેંગરેપ કેસમાં ટ્રાયલ ત્રીજી જાન્યુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલતી બસમાં છ શખ્સો દ્વારા પેરા મેડિકલની વિદ્યાર્થિની પર કરવામાં આવેલા રેપને લઈને હોબાળો મચેલો છે. મળેલી માહિતી મુજબ સરકારે ત્રીજી જાન્યુઆરથી આ કેસમાં દરરોજ ટ્રાયલ ચલાવવાનો નિર્ણય કર્યો છે ઉપરાંત દિલ્હી હાઈકોર્ટે ફાર્સ્ટ ટ્રેક કોર્ટમાં દરરોજના આધાર પર તમામ બળાત્કારના કેસોમાં ટ્રાયલ ચલાવવા રાજ્યસરકારોને આદેશ પણ આપ્યો છે. એક અગ્રણી ટીવી ચેનલે માહિતી આપતા કહ્યુ છે કે ગૃહમંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પાટનગર અને મોડેથી દેશના જુદા જુદા ભાગોમાં કેસોના ઝડપી નિકાલ માટે વધુ ફાર્સ્ટ ટ્રેક કોર્ટ સ્થાપિત કરવાની દિશામાં હિલચાલ હાથ ધરી છે. મહિલાઓ સામે વધતા જતા ગુનાઓમાં હાલમાં વધારો થયો છે. સુશીલકુમાર શિંદેએ પણ આજે કહ્યુ હતુ કે સરકાર શાંતિપૂર્ણ વિરોધ ચાલે તેને લઈને વિરોધ કરતી નથી વિજયચોક ખાતે એકત્રિત થયેલા લોકો હિંસક બની ગયા હતા.

## ભારત-પાકિસ્તાન વચ્ચે આજે પ્રથમ ટ્વેન્ટી-૨૦

બેંગ્લોર,તા. ૨૪

બેંગ્લોરમાં આવતીકાલે ૨૫મી ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ ટ્વેન્ટી-૨૦ મેચ રમાનાર છે. લાંબાગાળા બાદ ભારત અને પાકિસ્તાન એકબીજા સામે આવ્યા છે જેથી ક્રિકેટ ચાહકોમાં જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે. ભારતની જમીન ઉપર જીતના ઈરાદા સાથે પાકિસ્તાનની ટીમ આવી પહોંચી છે. પ્રથમ મેચ બેંગ્લોરમાં રમાયા બાદ બીજી ટ્વેન્ટી મેચ અમદાવાદમાં રમાશે તેની પણ તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ટીમ ઈન્ડિયામાં વધુ ફેરફાર કરવામાં આવ્યા નથી. ગઈકાલે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. ઈંગ્લેન્ડ સામે તાજેતરમાં જ ભારતે બે ટ્વેન્ટી મેચોની શ્રેણી રમી હતી. આ ટીમમાં કોઈ વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટ્વેન્ટી ટીમ ઘર આંગણે પાકિસ્તાન સામે શ્રેષ્ઠ દેખાવ કરવા સજ્જ છે. ગૌતમ ગંભીર, યુવરાજસિંહ, રોહીત શર્મા, સુરેશ રૈના, વિરાટ કોહલી ઉપર તમામની નજર રહેશે. રવિન્દ્ર જાડેજા અને મહેન્દ્રસિંહ ધોની પણ છવાઈ જવા માટે તૈયાર છે. બેંગ્લોરમાં ટ્વેન્ટી મેચને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોટાભાગની ટિકિટો વેચાઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. ઈંગ્લેન્ડ સામે ટ્વેન્ટી મેચોની શ્રેણી ભારત જીતી શક્યું ન હતું જેથી ધોનીની ટીમ ઉપર દબાણ છે. ધોની પોતે પણ ફ્લોપ રહ્યો હોવાથી તેની ટીકા ટિપ્પણી થઈ રહી છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને ટીકાકારોને શાંત પાડવાની આ તક રહેલી છે. હાઈ પ્રોફાઈલ શ્રેણીને લઈને બેંગ્લોરમાં સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત બનાવી દેવામાં આવી છે. ભારતીય ટ્વેન્ટી ટીમ નીચે મુજબ છે.



ટીમ : મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), ગૌતમ ગંભીર, રહાણે, યુવરાજ, રોહિત શર્મા, સુરેશ રૈના, વિરાટ કોહલી, રવિન્દ્ર જાડેજા, આર અશ્વિન, અશોક ડિંડા, ઈશાંત શર્મા, ભુવનેશ્વર કુમાર, પરવિન્દર અવાના, પિયુષ ચાવલા, એ રાયડુ

# ભારત અને રશિયાની વચ્ચે ૧૦ સમજૂતિ પર હસ્તાક્ષર

નવી દિલ્હી,તા. ૨૪

ભારત અને રશિયાએ આજે જુદા જુદા ક્ષેત્રોમાં સહકારને વધારવાના હેતુસર ૧૦ સમજૂતિ પર સહિ સિક્કા કર્યા હતા. કુંદાકુલમ પ્લાન્ટને લઈને ઉભા થયેલા વિવાદને પણ ઝડપથી ઉકેલવાની તૈયારી દર્શાવવામાં આવી છે. જે ૧૦ સમજૂતિઓ કરવામાં આવી છે તેમાં વિદેશી મૂડીરોકાણને વધારવા તથા સુખોઈ વિમાનની સમજૂતિનો પણ સમાવેશ થાય છે. અફઘાનિસ્તાનમાંથી પશ્ચિમી સૈનિકોને પાછા ખેંચી લેવાની ૨૦૧૪ની યોજનાના સંબંધમાં ભારત અને રશિયા અફઘાનિસ્તાનમાં માદક દ્રવ્યોની હેરફેરને રોકવા અને આતંકવાદને રોકવા નજીકના સહકારથી કામ કરવા તૈયાર થયા હતા. વડાપ્રધાન મનમોહનસિંહ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પૂતિને આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં દ્વિપક્ષીય મુદ્દાઓ પર વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. આર્થિક અને લશ્કરી સંબંધો, નાગરિક પરમાણુ સહકારના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. વાતચીત બાદ વડાપ્રાધાને કહ્યુ હતુ કે રશિયા પરંપરાગતરીતે ભારતના મોટા મિત્ર તરીકે છે. વૈશ્વિક ઘટનાક્રમ વચ્ચે પણ રશિયા સાથેની મિત્રતામાં કોઈ અડચણ આવી નથી. આ સંબંધો ભારતીયોના મનમાં ખાસ સ્થાન ધરાવે છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબુત બનાવવાના પગલા લેવામાં આવી રહ્યા છે. નાગરિક પરમાણુ કાયદાના સંબંધાં તેમણે કહ્યુ હતુ કે તમિળનાડુમાં કુંદાકુલમ ન્યૂક્લિઅર પાવર પ્લાન્ટને લઈને ઉભા થયેલા વિવાદને દૂર કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. મનમોહનસિંહે કહ્યુ હતુ કે યુનીટ ત્રણ અને ચારના નિર્માણ માટે વાતચીત પ્રગતિમાં છે. વડાપ્રધાને ન્યૂક્લિયર એનર્જી સેક્ટરમાં સહકાર માટે રૂપરેખાના અમલીકરણ માટે ભારતની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પુતિન વર્ષ ૨૦૧૦માં રશિયાના તત્કાલિન વડાપ્રધાન તરીકે પણ ભારત આવ્યા હતા. રશિયાનું કહેવું છે કે નાગરિક પરમાણુ કાયદાને ગંભીરતાપૂર્વક અમલી બનાવવા જોઈએ. બંને દેશોએ ૨૫૦૦૦ કરોડની આસપાસની સમજૂતિ કરી છે.

## વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

ઓછાવત્તા અંશે સહુ કોઇ ખરડાયેલા છે... જે વ્યક્તિઓને આપણે આદર્શ માનતા હોઇએ એ પણ પણ જો કરપ્ટ નીકળે તો સામાન્ય મનુષ્યોને તો શું વાર લાગે!

આજનો યુગ ભ્રષ્ટાચારનો યુગ છે, એમ કહીએ ત્યારે આપણે એ યુગમાંથી બાકાત તો રહેતા જ નથી. જો દેશ ભ્રષ્ટાચારની ખીણમાં સરકતો જતો હોય, તો તેમાં કદાચ આપણે ધક્કા નહીં માર્યા હોય પણ પડતો રોકવા પ્રયત્ન પણ નથી કર્યા અને અસહાય પણ તેને પડતો જોઇ રહ્યા છીએ... આ પણ આપણો પરોક્ષ ફાળો જ છે ને!

શાસ્ત્ર અને સત્પુરૂષોની વાણી અને તેમનાં કથનનો અર્થ આપણી રીતે જ તારવી લઇએ છીએ... કૃષ્ણ - રામની કહેલી વાતો ને એ જ અર્થમાં ક્યારેક આપણે સમજ્યા છીએ ખરાં! અરે ભગવાનની વાત બાજુ પર મૂકીએ તો ગાંધીજી કે વિનોબા ભાવે જેવા સત્પુરૂષોએ જે કહ્યું તે પણ સાચી રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો! જો કર્યો હોત તો ગાંધીજીના So called અનુયાયીઓના ટોળેટાળા ભ્રષ્ટાચારમાં ખદબતા ન હોત.

ગાંધીજીએ કહ્યું, "પ્રજાનો પૈસો આપણો પૈસો હોય તેવી ચીવટથી વાપરવો જોઇએ..." આ વાતને બધા જ ગાંધીવાદીઓએ અપનાવી લીધી છે - પણ પોત-પોતાના અર્થમાં.

હાસ્યકવિ શૈલ ચતુર્વેદીની આ રચના અત્યારની સામાજિક વિષમતા રજૂ કરી શક્યો...

બજારનો આ હાલ છે
કે ગ્રાહક પીળો
પણ દુકાનદાર લાલ છે...
દૂધવાળો કહે છે કે -
દૂધમાં પાણી શું કામ છે એ
ગાયને પૂછો -
ગાય કહે - પાણી પી રહી છું
પાણી જ આવું છે...
દૂધવાળો મારો પ્રાણ લે છે
હું તમારો લઇશ...
માખણવાળો કહે છે,
"બાબુજી આ માખણ છે
ખાવા માટે નથી - પણ લગાવવા માટે છે
જે લગાવી જાણે છે
એને ઉપરવાળો પણ માને છે."

## સંપત્તિ કેસમાં જગનમોહનની જામીન અરજીને ફરી ફગાવાઈ

હૈદરાબાદ,તા. ૨૪

આંધ્રપ્રદેશ હાઈકોર્ટે આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના મામલામાં વાયએસઆર કોંગ્રેસના વડા વાયએસ જગનમોહન રેડ્ડીની જામીન અરજીને ફગાવી દીધી હતી. જગનમોહને અગાઉ હાઈકોર્ટમાં અપીલ કરીને કહ્યુ હતુ કે તેઓ આ મામલામાં જામીન મેળવવા માટે હકદાર છે કારણ કે આ મામલો અધિકારનો છે. સીબીઆઈએ નિર્ધારિત ગાળામાં ચાર્જશીટ દાખલ કરી નથી જેથી તેમને જામીન મળવા જોઈએ. જો કે જગનમોહનની જામીન અરજીનો વિરોધ કરીને સીબીઆઈએ દાવો કર્યો હતો કે વૈધાનિક જામીનનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં વિસ્તારપૂર્વક રજુ કરવામાં આવી ચુક્યો છે જેથી ફરી એકવાર આ મુદ્દાને રજુ કરી શકાય નહીં. સીબીઆઈએ હાઈકોર્ટમાં એમ પણ કહ્યુ હતુ કે કડાપ્પાના સાંસદની ચોક્કસ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ૨૮મી નવેમ્બરના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટે તેમના વૈધાનિક જામીન માટેની અરજીને ફગાવી દીધી હતી અને કહ્યુ હતુ કે તપાસ પેન્ડીંગ હોવાની સ્થિતિમાં જામીન આપવાની બાબત યોગ્ય રહેશે નહીં. ચોથી ડિસેમ્બરના દિવસે તેમની બીજી જામીન અરજીને પણ ફગાવી દેવામાં આવી છે. ત્યારબાદ જગનમોહને હાઈકોર્ટમાં અરજી કરી હતી. જગનમોહનની આ વર્ષે ૨૭મી મેના દિવસે ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદથી તેઓ જ્યુડિશિયલ રિમાન્ડ પર છે.

# ક્રિસમસ પહેલા શેરબજારમાં ઉદાસીન માહોલ જોવા મળ્યો

મુંબઈ,તા. ૨૪

શેરબજારમાં આજે ઉદાસીન માહોલ જોવા મળ્યો હતો. કારોબારના અંતે સેન્સેક્સ ૧૩ પોઈન્ટ સુધરીને ૧૯૨૫૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી આઠ પોઈન્ટ સુધરીને ૫૮૫૬ની સપાટીએ રહ્યો હતો. આવતીકાલે ક્રિસમસની રજાના પહેલા પ્રોફીટ બુકિંગની સ્થિતિ ઉંચી સપાટીએ જોવા મળી હતી.

વૈશ્વિક બાજારોના કોમોડિટી અને કરન્સી માર્કેટમાં સ્થિર સ્થિતિ રહી હતી. રજામાં મોટાભાગે રજાનો માહોલ જોવા મળ્યો હતો. એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ જોવા મળી હતી. બીએસઈ ટેક, હેલ્થકેર, આઈટી, ઓટો, રિયાલિટી ઈન્ડેક્સમાં એક એક ટકાનો સુધારો રહ્યો હતો. જ્યારે બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં આશરે એક ટકાનો ઘટાડો રહ્યો હતો. વિપ્રો, ઈન્ફોસિસ અને ટીસીએસ જેવા આઈટીના શેરમાં ૦.૪થી બે ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં આશરે એક ટકાનો ઘટાડો રહ્યો છે. વિપ્રો, ઈન્ફોસિસ અને ટીસીએસ ઉપરાંત અન્ય ઘણા શેરોમાં પણ સ્થિતિ સાનુકૂળ રહી હતી. ઓટોના શેરની વાત કરવામાં આવે તો તાતા મોટર્સમાં ત્રણ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. બાજાજ ઓટોમાં એક ટકાનો સુધારો જોવા મળ્યો હતો. સનફાર્મામાં બે ટકાનો સુધારો રહ્યો હતો. અન્ય જે શેરમાં તેજી રહી હતી તેમાં તાતા પાવર, એચયુએલ, ભારતી એરટેલ, કોલ ઈન્ડિયા, ગેઈલનો સમાવેશ થાય છે. સેન્સેક્સના જે શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો તેમાં ઈન્ડેક્સ હેવીવેટ આરઆઈએલનો સમાવેશ થાય છે. ઓએનજીસીમાં બે ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અન્ય જે શેરમાં ઘટાડો રહ્યો હતો તેમાં જેએસપીએલ, મારૂતિ સુઝુકી સ્ટરલાઈટ, આઈસીઆઈસીઆઈ બેંક અને હિન્ડાલ્કોનો સમાવેશ થાય છે. બીએસઈમાં તટસ્થ સ્થિતિ રહી હતી.